S. J. & E. DEPTT.
8 SEP 2022
IWDMS No. 19276

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકો (માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક)ની ખાલી જગ્યા પર તાસ દીઠ માનદ વેતનથી (Honorarium per period) શિક્ષણ કાર્ય કરાવવા અંગે

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:-SJED/EOD/e-file/17/2022/0100/J

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-૦૬/૦૯/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્ર:બમશ-૧૦૧૪-૧૪૦-ગ

(૨) વિભાગનો તા.૧૧/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્ર:મકમ/૧૦૨૦૧૬/૩૨૫૪૭/જ

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૨૧નો ઠરાવ ક્ર:બમશ-૧૦૧૪-૧૪૦-ગ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૮/૧૨/૨૦૨૧નો પત્ર ક્ર: અજાક/મકમ/૪/૨૧૫૭/૨૦૨૧/ક.

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધેલ ક્રમ-(૨)માં દર્શાવેલ વિભાગના તા:૧૧/૦૮/૨૦૧૭ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકો (માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક)ની કુલ ૧૧૬ ખાલી જગ્યાઓ પર શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧)માં દર્શાવેલ તા.૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવથી નક્કી કરેલ માર્ગદર્શક સૂચનાઓ અને શરતોને આધિન તાસ દિઠ માનદ વેતન (Honorarium per period)થી શિક્ષણ કાર્ય કરાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-(૩)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા:૨૦/૧૨/૨૦૨૧ના ઠરાવથી શિક્ષણ વિભાગ હેઠળની શાળાઓમાં તાસ દીઠ અને મહત્તમ દૈનિક માનદ વેતન (Honorarium) માં સુધારો કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-(૪)માં દર્શાવેલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૨૮/૧૨/૨૦૨૧ના પત્રથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની મદદનીશ શિક્ષકો (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)ની ૧૭૦ ખાલી જગ્યાઓ પર નિયમિત શિક્ષકો ન ભરાય ત્યા સુધી પ્રવાસી શિક્ષક યોજનાની મુદ્દત લંબાવવા તેમજ શિક્ષણ વિભાગના

વંચાણે લીધેલ ક્રમ-(૩)ના ઠરાવમાં જણાવેલ સુધારેલ દરો મુજબ તાસ દીઠ માનદ વેતનથી શિક્ષણકાર્ય કરાવવા અંગે મંજુરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકો (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)ની કુલ ૧૭૦ ખાલી જગ્યાઓ નિયમિત શિક્ષકથી ન ભરાય અથવા તો ચાલુ શૈક્ષણિક સત્ર સુધી બે માંથી જે વહેલુ હોય તેટલા સમય માટે શિક્ષણ વિભાગના તા.૨૦/૧૨/૨૦૨૧ના ઠરાવથી મંજૂર થયેલ નીચે મુજબના તાસદીઠ અને મહત્તમ દૈનિક માનદ વેતન મુજબ શિક્ષણકાર્ય કરાવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | તાસદીઠ માનદ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | માધ્યમિક શિક્ષણ | રૂા. ૧૩૫/- | ૬ તાસ | રૂા. ૮૧૦/- |
| ૨ | ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | રૂા. ૧૪૦/- | ૬ તાસ | રૂા. ૮૪૦/- |

- **માધ્યમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા **રૂા.૧૬,૫૦૦**/-થી વધે નહિ તે મુજબ રહેશે.
- **ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા **રૂા.૧૬,૭૦૦**/-થી વધે નહિ તે મુજબ રહેશે.

**૨.** આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૨૯/૦૮/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

JPVasava
(જયશ્રી પી. વસાવા)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:-**

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાંણા)ના રહસ્ય સચિવશ્રી, નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે)
- સર્વે નાયબ નિયામકશ્રી/સર્વે સમાજ કલ્યાણ અધિકારી (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે)
- સેકશન અધિકરાશ્રી (ક, ગ, ઠ) શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય. ઉકત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ-૨૦૨૨.